# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

સત્ય કહેનારા પોલીસથી ડરી જાય છે,
અને વિચાર-વાણીને મૌન કરી જાય છે,
ફરી જાય છે બૂલડોઝર સ્વાતંત્ર્ય ઉપર -
બાહુબલિ બીકે અભિવ્યક્તિ મરી જાય છે.
(સુપ્રીમ આશ્વાસન)

## હાઇકુ

'શારદા' વીણા,
ને વ્યાપમ્ ના સૂર -
કરે ઘોંઘાટ
(રળિયામણાં કૌભાંડ)

અટવાયો છે
ખટપટ ગલીમાં -
આ 'રાજપથ'
(ધનિકો બેફામ..)

## ચિંતન

**પરોક્ષ કાર્ય હન્તારં પ્રત્યક્ષે પ્રિયવાદિનમ્ । વર્જયેત્તાદૃશં મિત્ર વિષકુંભ પયોમુખમ્ ॥**

મોઢે - રૂબરૂમાં તો મીઠું-મધુર-પ્રિય લાગે એવું બોલ આપણી ગેરહાજરીમાં - પાછળથી આપણા કાર્યની નિંદા કરી. આપણા કતૃત્વનો નાશ કરી નાખે આવા દુષ્ટ મિત્ર- ઝેરથી ભરેલા ઘડા જેવો છે. જેના ઉપર માત્ર દેખાવ પૂરતું જ દૂધ ભર્યું છે. મુખે મધુરે વાણી અને હૃદયમાં ઝેર એવા દુષ્ટ મિત્રથી સદાય દૂર રહેવું જોઇએ.

આજના યુગમાં સ્નેહી સંબંધીઓ પર પણ વિશ્વાસ કરી શકાતો નથી કારણ કે લુચ્ચા-ધૂર્ત-મિત્ર જેવા અભિનય કરી મોઢે તો મીઠું-મીઠું બોલે છે પણ હૃદયમાં ઝેર ભર્યું હોય છે આપણા સારાં કરેલા કામોનો યશ પોતે મેળવી લે છે અથવા એ કામ બગડે તેની વિતરણમાં હોય છે.

અહીં દુષ્ટ મિત્રની ઝેરથી ભરેલા ઘડાની ઉપમા આપવામાં આવી છે. તે સંપૂર્ણ રીતે ઝેરથી ભરેલો છે પણ માત્ર ઉપર-ઉપર થોડું દૂધ છે જે છેતરામણું વર્તન-ભાષા-લાગણી છે.

## સુવિચાર

- જયારે 'સ્વ'નું અસ્તિત્વ હોતું નથી ત્યારે પ્રેમ હોય છે, પ્રેમ વગર દરેક બાબત ધૂળ કે રાખમાં મળી જાય છે **- કૃષ્ણમૂર્તિ**
- ઇગો, અહમ્ કે અહંકાર ઉધઇ જેવા છે, જો એકવાર તમારા મન ના કોઇ ખૂણામાં દાખલ થઇ ગયા તો ખોતરી ખોતરીને તમારા સંબંધોને તદ્દન પોલા અને નિર્જીવ બનાવી નાખતા એને વાર નહીં લાગે **- કાજલ ઓઝા વૈદ્ય**
- સારી સ્મૃતિ હંમેશા સારો વર્તમાન લઇને આવે છે એવી દરેક બાબત જે યાદ કરવાથી આનંદ થાય કે સુખ મળે એને યાદ રાખશો તો જીવનમાં સુખ કે આનંદનો અનુભવ થશે **- અખંડ આનંદ**
- જીંદગીમાં સૌને કંઇ ને કંઇ ઓછું પડે છે, પરંતુ એ નાનકડો અભાવ કે ઓછપ જ જીંદગીની પ્રેરણા કે બળ બની રહે છે **- એસ. ભટ્ટાચાર્ય**
- ટેવ એ વિચાર વગરનું કાર્ય છે જે નરી મુર્ખામી છે **- કાંતિ ભટ્ટ**
- જયારે 'શું છે' અને 'શું હોવું જોઇએ' આ બંને વચ્ચે ભેદ હોય ત્યારે સંઘર્ષ ઉત્પન્ન થાય છે **- નવનિત**
- વિશ્વાસ અને સંબંધ કાયમ માટે ખોઇ નાખવા કરતા થોડીક પળો માટે કોઇનો ક્રોધ સહન કરવો એ વધુ સરળ અને ઓછો તકલીફદાયક ઉપાય છે **- વજુ કોટક**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

એક યુવાન-બ્રહ્મચારીએ 'ઓમ નમો ભગવતે વાસુદેવ'નો મંત્રથી બાર વર્ષ તપ કર્યું. ભગવાન વિષ્ણુ હાજર થયા. કહ્યું માત્ર - તને ઇચ્છા મુજબ જે કંઇ માગીશ તે આપીશ.'

યુવાન કહે - ભગવાન, હું તપમાં જ રચ્યો-પચ્યો હતો તેથી સંસાર-વ્યવહારમાં ઉપયોગી બાબતની કંઇ ખબર નથી તેથી મારા હિતેચ્છુઓને પૂછી આવું પછી સાંજે આરતી વખતે આપ હાજર થશો ત્યારે માગીશ. ભગવાને સ્મિત સાથે વિદાય લીધી.

શિષ્યોને મળ્યો. એમણે સલાહ આપી કે સંસારમાં, સૌંદર્યવતી, સંસ્કારી, આજ્ઞાંકિત પત્ની જરૂરી છે. સારી પત્ની માગ -

મિત્રોએ કહ્યું - સુખ-દુ:ખમાં સાથ આપે તેવા સારા સાચા મિત્રો માંગ.

સંબંધી હિતેચ્છુઓએ કહ્યું - સત્તા-પદ માંગ જેથી બધાને મદદરૂપ થઇ શકાય.

માતા-પિતા એ કહ્યું - સાત પેઢી તરી જાય એટલી સમૃદ્ધિ-સંપત્તિ માંગ.

અને સાંજે ભગવાન પાસે ગયો. ભગવાન બધા જુદી જુદી સલાહ આપે છે, તમે જ કહો મારે શું માંગવું જોઇએ?

ભગવાને કહ્યું - 'સંતોષ.' એ જ સંસારમાં સુખી થવાનો મોટો ઇલાજ છે, સંતોષનું વરદાન આપું છું.

Email - sureshchandrabhatt18@gmail.com

# નોર્વેમાં મધ્યરાત્રિએ સૂર્ય કઇ તારીખે દેખાય છે?

## ખજાનો



- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

### વિશ્વની ભૂગોળ

(૧) ભૂગોળ માટેનો અંગ્રેજી શબ્દ 'જીઓગ્રાફી' કઇ ભાષામાંથી ઉતરી આવ્યો છે?
(અ) રોમન (બ) ગ્રીક
(ક) અરબી (ડ) સંસ્કૃત

(૨) ભૂગોલ માટે 'જીઓગ્રાફી' શબ્દ સૌ પ્રથમ કોણે પ્રયોજયો હતો?
(અ) એરેટોસ્થનીઝ (બ) હિકેટીયસ
(ક) એરીસ્ટોટલ (ડ) ગેલેલીયો

(૩) ભૂગોળના પિતા તરીકે કોણ ઓળખાય છે?
(અ) મેલેગન (બ) એરેસ્ટોસ્થનીઝ
(ક) આર્યભટ્ટ (ડ) હિકેટીયસ

(૪) પૃથ્વીની ત્રિજયા સૌ પ્રથમ કોણે માપી હતી?
(અ) પાયથાગોરસ (બ) હેરો
(ક) એરટોસ્થનીઝ (ડ) યુકલીડ

(૫) ભારતનો પ્રમાય સમય ગ્રિનીચ મીન ટાઇમ કરતાં કેટલો આગળ છે?
(અ) સાડા ચાર કલાક (બ) સાડા પાંચ કલાક
(ક) સરખો (ડ) સાડા ત્રણ કલાક

(૬) ભૂકંપના અધ્યયન શાસ્ત્રને શું કહે છે?
(અ) સિસ્મોલોજી (બ) બાયોલોજી
(ક) કોસ્મોલોજી (ડ) ત્રણેમાંથી એક પણ નહીં

(૭) વિશ્વનું સૌથી ઊંચુ પઠાર કયું છે?
(અ) એન્ડિઝ પઠાર (બ) તિબેટનું પઠાર
(ક) નેપાળનું પઠાર (ડ) ચિલી પર્વતમાળા પઠાર

(૮) નોર્વેમાં મધ્યરાત્રિએ સૂર્ય કઇ તારીખે દેખાય છે?
(અ) ૨૨ ડિસેમ્બર (બ) ૨૧ માર્ચ
(ક) ૨૧ જૂન (ડ) ૨૩ સપ્ટેમ્બર

(૯) પૃથ્વી ગોળ છે તેવું સૌ પ્રથમ કહેનાર કોણ હતું?
(અ) પાયથાગોરસ (બ) આર્યભટ્ટ
(ક) ગેલેલીયો (ડ) એરીસ્ટોટલ

(૧૦) વિશ્વનો સૌથી ઊંચો જવાળામુખી પર્વત કોડોપેક્સી કયાં આવેલ છે?
(અ) જાપાન (બ) ઇક્વાડોર
(ક) ઇન્ડોનેસિયા (ડ) ચીલી

(૧૧) કયો દેશ દસ હજાર સરોવરોનો દેશ કહેવાય છે?
(અ) ગ્રીનલેન્ડ (બ) સ્કોટલેન્ડ
(ક) ઓસ્ટ્રેલિયા (ડ) ફિનલેન્ડ

(૧૨) તકલા માકન રણપ્રદેશ કયા દેશમાં આવેલ છે?
(અ) ચીન (બ) દક્ષિણ આફ્રિકા
(ક) સાઉદી અરેબિયા (ડ) અફઘાનિસ્તાન

(૧૩) સમુદ્રની અંદર સરખી ઊંડાઇ દર્શાવતાં સ્થળોને જોડતી રેખા કયા નામે ઓળખાય છે?
(અ) આઇસો હાઇટ (બ) આઇસોબાથ
(ક) આઇસોલેવલ (ડ) આઇસો ડીપ

(૧૪) કયું બંદર 'પાંચ સાગરોનું બંદર' ગણાય છે?
(અ) નાતાલ (બ) રોટરડમ
(ક) મોસ્કો (ડ) કરાંચી

(૧૫) વિશ્વનું સૌથી પ્રાચીન રાજધાનીનું હયાત શહેર કયું છે?
(અ) દમાસ્ક (બ) વેલિંગ્ટન
(ક) જેરૂસલેમ (ડ) ઇંગ્લેન્ડ

### વિવિધા

**વિષય : વિશ્વના કેટલાક પર્વતો અને ઊંચાઇ**

| નામ | દેશ | ઊંચાઇ (મીટરમાં) |
|---|---|---|
| ભૂજતાગ | ચીન | ૭૨૮૨ |
| અર્કાન કાગુઆ | આર્જેન્ટીના | ૬૮૬૮ |
| મેરો | આર્જેન્ટીના | ૬૭૭૩ |
| મર્સીડારિયો હઆસકાટન | પેરુ | ૬૭૬૮ |
| લિપુલૈકાલો વાલ્કૈનો | ચિલી | ૬૭૨૩ |
| તુપુન ગાટે | ચિલી-આર્જેન્ટીના | ૬૫૫૦ |
| સજામા વાલ્કનો | બોલ્વિયા | ૬૫૨૦ |
| ઇલ્લામ્પૂ | બોલ્વિયા | ૬૪૮૦ |
| વિલકાનૂરા | પેરુ | ૬૩૦૦ |
| ચિમ્બોરાજો | યૂકડોર | ૬૨૬૭ |
| માઉન્ટ મૈકકિલની | અલાસ્કા | ૬૧૯૪ |
| માઉન્ટ એવરેસ્ટ | નેપાળ-તિબેટ | ૮૮૪૮ |
| માઉન્ટ ગાડવીન | ભારત | ૮૬૧૧ |
| કંચન - જંગા | ભારત-નેપાળ | ૮૧૮૬ |
| ધૌલાગિરી | નેપાળ | ૮૧૭૨ |
| નંગા પર્વત | ભારત | ૮૧૨૬ |
| અન્નપૂર્ણા | નેપાળ | ૮૦૭૮ |
| માઉન્ટ કાર્મેટ | ભારત | ૭૭૫૬ |
| ગુરલા મંધાતા | તિબેટ | ૭૭૨૮ |
| સિરિચમીર | પાકિસ્તાન | ૭૭૦૦ |

### ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - ગાંધીવાદી સ્વ. નારણભાઇ દેસાઇ કોના પુત્ર હતાં?**

**જવાબ - ગાંધીજીના અંગત સચિવ સ્વ. મહાદેવભાઇ દેસાઇના**

### સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ ડી
(૨) નટુભાઇ દરજી : પેથાપુર
(૩) મહેશભાઇ એમ. જાદવ : સે-૩૦
(૪) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૫) મૂળજીભાઇ પરમાર 'દધિ' - સે-૭
(૬) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬બી, ૬૨૦/૧
(૭) મુળૂભા જે. મકવાણા : સે-૮
(૮) આશાબેન શર્મા - સે-૩ડી
(૯) ગોમતીબેન કનુભાઇ પરમાર : સે-૨ડી
(૧૦)યુ.એન. જરદોશ : સે-૨બી

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**૧૯૮૪માં દિલ્હીમાં શીખ નરસંહારના કેસમાં તાજેતરમાં કયા કોંગ્રેસી નેતાને સીબીઆઇએ ક્લીન ચીટ આપી?**

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) બ (૨) અ (૩) ડ (૪) ક (૫) બ (૬) અ (૭) બ (૮) ક (૯) અ (૧૦) બ (૧૧) ડ (૧૨) અ (૧૩) બ (૧૪) ક (૧૫) અ

# કાકીએ આટલું જોખમ પછી પણ ઓપરેશન કરાવવાનું નક્કી કર્યું છે જયારે પૈસા માટે જગાભાઇને વ્યવસ્થા કરવાનું કહેવામાં આવ્યું છે, જગાભાઇ પાસે એટલી બચત નથી, પરંતુ ઓફિસમાંથી લોન લઇ, કાકીને મદદ કરવાનું વિચારે છે

## મનના મણકાં

- નિરંજન ઓઝા

ભાવનગર જીલ્લાના ઉમરાળા ગામના જગદીશભાઇ ઉર્ફે જગાભાઇ રહે છે. બાળપણમાં જ મા-બાપની છત્રછાયા ગુમાવ્યા હતા. કાકા-કાકીએ ઉછેરયો હતો. આજે સવારે ચાહ નાસ્તો કરી લગભગ અગિયાર વાગે જમ્યા પછી તેને ચેન પડતું નથી, વિચારે છે કે શું કરવું? તેથી ઘરની બહાર શાંતિ માટે નીકળી પડે છે. પહેલાં ગામની લાઇબ્રેરીમાં જાય છે ત્યાં પણ કલાક-દોઢ કલાક રહ્યા પછી, ત્યાંથી પણ નીકળી ગામના ચાર રસ્તા પાસે હાઇવે છે ત્યાં પાળી ઉપર બેસી વિચારે છે કે શું કરવું? કારણ કે જે કાકા-કાકીએ ઉછેરીને મોટો કર્યો છે. તેને આજે આર્થિક મદદની જરૂર છે. કાકા પાન-તમાકુંના શોખીન એટલે મોઢાનું કેન્સર થયું છે. ડોકટરને દેખાડવામાં ચાલતા, જણાવવામા આવ્યું કે કેન્સર ઘણું જ પ્રસરી ગયુ છે. ત્રીજા તબક્કામાં છે તેથી જીવવાની કોઇ આશા નથી. જો ઓપરેશન કરાવવામાં આવે તો પણ જોખમ છે. અને તે પણ દર્દીને લાંબો સમય સુધી જીવિત નહિ રાખી શકે. ઓપરેશનનો અંદાજીત ખર્ચ રૂા. એક લાખથી દોઢ લાખ સુધી થઇ શકે છે એટલે જલ્દીથી વિચારી લેવું, નહિ તો દર્દીનું જીવંત રહેવું જોખમ છે.

કાકીએ આટલું જોખમ પછી પણ ઓપરેશન કરાવવાનું નક્કી કર્યું છે જયારે પૈસા માટે જગાભાઇને વ્યવસ્થા કરવાનું કહેવામાં આવ્યું છે. જગાભાઇ પાસે એટલી બચત નથી, પરંતુ ઓફિસમાંથી લોન લઇ, કાકીને મદદ કરવાનું વિચારે છે. આ બાબત, જગાભાઇની પત્ની સવિતા જાણે છે. તેણે તો પોતાના પતિને ચોખ્ખે ચોખ્ખું જણાવી દીધું કે જયારે ડોકટર સાહેબે દર્દીને વધારે જીવવાનું અશક્ય છે તેવું જણાવ્યું છે ત્યારે કાકાને રામને ભરોસો છોડી દેવા યોગ્ય જ થશે, પરંતુ જગાભાઇએ નક્કી કર્યું છે કે કાકી ઓપરેશન કરાવવા માટે મક્કમ છે. તેથી આર્થિક મદદ કરવી જોઇએ. કારણ કે કાકા-કાકીએ ઉછેરીને મોટો કર્યો છે, નોકરીએ ગોઠવ્યો છે તેમજ સંસારી પણ કર્યો છે. જગાભાઇની આવી લાગણીથી સવિતાને લાગ્યું કે હવે તે માનશે નહિ તેથી તેના બાપુજી અને જગાભાઇના સસરાંને બોલાવે છે કે જે પોતાના જમાઇરાજ જગાભાઇને સમજાવી શકે.

આજે સવારે જમ્યા પછી સસરાજીએ વાતની શરૂઆત કરી હતી કે કાકા-કાકીને મદદ કરવાની લાગણી થાય તે સ્વાભાવિક છે અને મદદ કરવી જોઇએ. પરંતુ જયારે પરિણામની જાણ છે ત્યારે પરિવારના સભ્યોને મુશ્કેલી પડે નહિ તેવી રીતે વિચારવું જોઇએ. તમારી પાસે એવી મોટી મૂડી નથી કે જેથી કાકા-કાકીને મદદ કરી શકો, તમારે લોન લઇ, પરિવારને મુશ્કેલીમાં મુકવા ન જોઇએ, આખરે ઘર તો તમારી પત્નીએ જ ચલાવવાનું છે. તમારી પત્ની અને મારી દીકરી સવિતા, ઘર કેમ ચલાવે છે તે જાણીએ છીએ તેથી આવા લાગણીવેડા છોડી, બીજી રીતે સેવા થઇ શકે તેવું વિચારો? છતાં જો તમે આર્થિક મદદ કરવા મક્કમ રહેશો તો પછી હાથે રોટલાં ઘડવા માટે પણ તૈયાર રહેજો. હું મારી દીકરીને મારી સાથે જ લઇ જઇશ.

આવા સસરાજીના વિચારો જાણ્યા પછી જગાભાઇ અસ્વસ્થ છે અને મુઝાય છે કે, શું કરવું? તેથી જમ્યા પછી ઘરની બહાર નીકળી ફરતાં ફરતાં પાળી ઉપર બેસી વિચાર કરે છે કે મારે શું કરવું? ત્યાં સાઇકલની ઘંટડી વાગે છે અને ઝબકી ઝાય છે. સામેથી પુછવામાં આવે છે કે સાહેબ આજે ઓફિસ કેમ નથી આવ્યા? જગાભાઇ તેની સામે તેની ઓફિસના પટ્ટાવાળા રામજીભાઇને જૂએ છે, પ્રત્યુત્તર આપે છે કે આજે મહેમાન આવ્યા હતા, ઘરે ભારે ખોરાક ખવાયો છે અને મહેમાનને મુકવા આવ્યા પછી પછી ખોરાક પચાવવા ચાલીને જવાનો વિચાર છે તેથી અહીં પાળી ઉપર બેઠો છું પરંતુ તમે આટલાં અંધારામાં કયાંથી?

> **જગાભાઇને હવે થાય છે કે રામજીભાઇ પણ પોતાની દીકરી માટે આટલું વિચારે છે તો મારા સસરાજી તેની દીકરી માટે વિચારે એમાં ખોટું શું?**

રામજીભાઇ જણાવે છે કે અહીંથી બે ચાર કિલોમીટરે મારી દીકરી રહે છે તેનો આજે ફોન આવ્યો હતો કે તમારાં જમાઇરાજને સમજાવવા આજે આવી જજો.

મને એમ કે એવું તે શું હશે? તેથી તેને ઘરે ગયો હતો, ત્યાં જાણવા મળ્યું કે જમાઇરાજના મામા દારૂના વ્યસની છે અને ગઇકાલે પોલીસે પકડ્યા છે. રૂપિયા ત્રણ હજાર આપવામાં આવે તો કોઇ પણ કેસ કર્યા સિવાય છોડી મુકવામાં આવશે. તેવું નક્કી થતાં, જમાઇરાજ ત્રણ હજાર આપવા તૈયાર થયાં છે, પોતાની પાસે આટલાં પૈસા નથી. પરંતુ અહીંને ત્રણ ટકાનો વ્યાજે ત્રણ હજાર લેવા તૈયાર થયા છે, તેથી દીકરીને જમાઇરાજને સમજાવવા બોલાવ્યો હતો. હમણાં તો અટકાવ્યા છે. બાપ થયા છે તેથી દીકરીનું ધ્યાન તો રાખવું જોઇએને. આપણામાં કહ્યુ છે ને, 'લાતો કે ભૂત બાતોસે નહી માનતે' એ પ્રમાણે અમારી જ્ઞાતિમાં તો જમાઇરાજને સીધાં કરી શકાય, જમાઇરાજને સમજાવીને હવે ઘરે જાઉં છું. ચાલો સાહેબ એમ બોલતાં રામજીભાઇ સાઇકલ મારી મુકે છે.

જમાઇરાજના મગજમાં ચાલતી, ગડમથલનું સ્પષ્ટીકરણ પટ્ટાવાળા રામજીભાઇએ કરી નાખ્યું. જગાભાઇને હવે થાય છે કે રામજીભાઇ પણ પોતાની દીકરી માટે આટલું વિચારે છે તો મારા સસરાજી તેની દીકરી માટે વિચારે એમાં ખોટું શું? 'મનનાં મણકાં' માં થયેલ ફેરફાર સાથે જગાભાઇ હવે ઘરે પાછા ફરે છે.

# આ ઘરમાં હવે હું નહિં રહી શકું, આલોકની વહુએ નાના મોઢે ન કહેવાનાં કપરાં વેણ કહી ચાર દિવસ પહેલાં મને ધુત્કારી કાઢી હતી, હું સામે બોલી હોત તો આ ઘરમાં મોટું મહાભારત સર્જાત, હું ગમ ખાઇ ગઇ

## મીઠી ડાળનાં મૂળ

- જય ગજ્જર

રણછોડ ચાર દિવસમાં જિંદગીથી ત્રાસી ગયો. ચાર દિવસથી એની ઊંઘ ઊડી ગઇ હતી. એ સાથે જીવનનો રસ પણ અચાનક ઉડી ગયો હતો. માત્ર કોકિલાનું જ નહિ સમગ્ર ઘરનું વાતાવરણ જાણે બદલાઇ ગયું હતું. ભારેલા અગ્નિ જેવી પરિસ્થિતિ સર્જાઇ હતી. આનું કોઇ કારણ એ સમજી શકતો નહોતો. સમજાય એમ પણ નહોતું.

આજે 'મધર્સ ડે' હતો. સવારે ઊઠી એણે કોકીલાને ભેટી શુભેચ્છાઓ પાઠવી હતી. શુભેચ્છા સાથે એનાથી એક સલાહ અપાઇ ગઇ. "હવે ખોટી કચકચ કરવાનું છોડી દઇ મન મોટુ રાખતાં શીખજો." કોઇ પણ જાતના દુર્ભાવ વિના એણે કોકિલાને સહજ સલાહ આપી હતી. શુભેચ્છાના પ્રેમાળ શબ્દો અવગણી એણે સલાહના શબ્દનો પ્રાધાન્ય આપી રૂદ્ર સ્વરૂપ ધારણ કરી તાંડવ ખેલ્યું હતું.

રણછોડને તો કલ્પના ય નહોતી કે સમજુ અને શાણી કોકિલા એક સામાન્ય સલાહ માટે આમ મહાકાળી બની જશે. જો કે એ પોતે પણ જાણતી હતી કે છેલ્લા ચાર દિવસથી એનો સ્વભાવ બદલાઇ રહ્યો હતો. કયાં પહેલાંની પ્રેમાળ અને પ્રણયના મહાસાગર જેમ હંમેશ ઉછળથી રહેતી હસમુખી કોકિલા અને કયાં આજની કોકિલા! કંઇ સમજાય એવું નહોતું. એમાં ય આજના ઉલ્લાસના મધુર દિવસે નાના પિન્ટુએ કોકિલાને ગુલાબનું ફૂલ આપતાં પ્રેમાળ શબ્દોમાં કહ્યું, "હેપ્પી મધર્સ ડે, ગ્રાન્ડ મા!"

એ વખતે એને પ્રેમથી ઊચકી લઇ પ્રેમનો ધોધ વરસાવવાને બદલે ગુલાબનું ફૂલ ઝુંટવી પાસેના ગાર્બેજમાં નાખી તાડૂકી, "તારી મા નથી? આ ઘરડી ડોસીને મસકો મારવા કેમ આવ્યો છે?"

પિન્ટુ તો દાદીમાનું રૂદ્ર સ્વરૂપ જોઇ ડઘાઇ ગયો. ભાગીને સૂનમૂન બેઝમેન્ટમાં ચાલ્યો ગયો.

રણછોડ આ જોતાં કોકિલા પાસે દોડી ગયો. આજીજી કરતો હોય હોય એમ એના બે હાથ પોતાના હાથમાં લઇ પ્રેમથી બોલ્યો, "ડાર્લિંગ આજકાલ તને શું થઇ ગયું છે. રોજ મૂડીના વ્યાજ કહી હરખઘેલી બની જેના પર વહાલનો ધોધ વરસાવતી એ પિન્ટુને તે આજ ધુત્કારી કાઢ્યો. ચાર દિવસથી કેમ તારું વર્તન આમ બદલાઇ ગયું છે?"

આ શબ્દો સાંભળી એ ઢીલી પઇ ગઇ અને એકાએક રડી પડી. ખિસ્સામાંથી રૂમાલ કાઢી એનાં આંસૂ લૂંછતા રણછોડ એની સામે તાકી રહ્યો. નયનોમાં નયનો ભળતાં એ પીંગળી ગઇ અને બોલી, "આ ઘરમાં હવે હું નહિં રહી શકું. આલોકની વહુએ નાના મોઢે ન કહેવાનાં કપરાં વેણ કહી ચાર દિવસ પહેલાં મને ધુત્કારી કાઢી હતી. હું સામે બોલી હોત તો આ ઘરમાં મોટું મહાભારત સર્જાત. હું ગમ ખાઇ ગઇ. તમને કંઇ કહેવાની હિંમત નહોતી એટલે મનમાં જ ગૂંચવાયા કરતી અને સાનભાન ભૂલી પાગલ જેમ વર્તતી રહી. પણ આજ તો એણે હદ વટાવી નાખી. મન ફાવે તેમ બેફામ બોલતી રહી. એ તો ઠીક પણ જુઓ આ જમણા હાથ પર ગરમ ચીપીયાનો ડામ દીધો. આજ સુધી હું ચૂપ રહી પણ હવે ચૂપ નહીં રહી શકું. તમારી આ કોકિલાને સાચે જ પ્રેમ કરતા હો અને એને સાથે રાખવી હોય તો બેગ તૈયાર કરી કોઇને પણ કંઇ કહ્યા વિના આપણા ગામના પેલા ઘેર પાછા ચાલો. સાથ જીવશું, સાથ મરશું અને સાથભર જિંદગી જેવી જીવાય તેવી જીવનના અંત સુધી માણશું. બોલો તૈયાર છો ને?

રણછોડે કોકિલાનો હાથ પકડી કહ્યું, "ચાલ, કોઇ બેગ તૈયાર કરવાની જરૂર નથી. નવા જીવનનો આરંભ કરવા બધું જ નવું વસાવીશું. મારી કોકિલાનાં પ્રેમ અને સાથે એજ મારી મોટી મૂડી છે." રણછોડ એની એ મૂડીનો હાથ પકડી ઘર બહાર નીકળી પડ્યો.

આંગણામાં વર્ષો પહેલાં વાવેલા પીપળાના વૃક્ષના માળામાં સૂનમૂન લપાઇને બેઠેલાં બે પારેવાં પણ માળો છોડી ઊડી ગયા.